# બીસીએ કૉલેજમાં ડેટા એનાલિટીક્સ વિષયે સેમિનાર યોજવામાં આવ્યો



ગાંધીનગર, તા. ૧૭

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કોમ્પુટર સ્ટડીઝ દ્વારા સેમેસ્ટર-૧ અને ૫ના વિદ્યાર્થીઓ માટે, આજે જે વિષય નિષ્ણાતોની માર્કેટમાં ખુબજ માંગ છે તેવા વિષય "ડેટા એનાલિટીક્સ" વિષયે સેમિનાર કોલેજ ખાતે યોજાયા હતો. આ સેમિનારમાં વિષય તજ્જ્ઞ તરીકે Elsner Technology Pvt. Ltd.ના ધ્રુવ શાહ અને શ્રી હર્ષલ શાહે પોતાની સેવાઓ આપી હતી. તેમણે આજે વિશ્વમાં બૃહદ ડેટા અને તેના વિશ્લેષણ માટે થતાં પ્રશ્નો રજૂ કર્યા એ ઉપરાંત આવા બૃહદ ડેટાનું એકત્રીકરણ વિવિધ રીતે કરી શકાય તેની માહિતી આપી. આ ડેટાને એનાલિસિસ સુધી લઈ જતા પહેલા કઈ રીતે વર્ગીકૃત કરી શકાય તેની બધીજ મેથડ-રીતની સંપૂર્ણ માહિતી આપી હતી.

આ સેમિનારમાં સેમેસ્ટર - ૧ અને ૫ના ૬૫ કરતાં વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વર્કશોપનું આયોજન પ્રો. જૈમિની કુલકર્ણી, પ્રો. બીજલ પરમાર અને ડો. અભિજીતસિંહ જાડેજા દ્વારા કોલેજના ડાયરેક્ટર ડો. સંજય એમ શાહના માર્ગદર્શન હેઠળ થયું હતું.

### હબ્સ ઑફ લર્નિંગ પ્રોગ્રામ અંતર્ગત

# પ્રશ્નમંચમાં ડીપીએસ ગાંધીનગર અવ્વલ



ગાંધીનગર, તા. ૧૭

સી.બી.એસ.ઈ પ્રેરિત હબ્સ ઓફ લર્નિંગ પ્રોગ્રામ અંતર્ગત એક પ્રશ્નમંચનું આયોજન દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રશ્નમંચ ધોરણ ૩થી ૫ અને ધોરણ ૬થી ૮ એમ બે વિભાગમાં યોજવામાં આવ્યો હતો.

નગરની બીજી ચાર શાળાઓએ પણ આ પ્રશ્નમંચમાં ભાગ લીધો હતો. આ પ્રશ્ન મંચનો મુખ્ય ઉદ્દેશ "Life of Gandhi" થીમ પર વિવિધ પ્રશ્નો દ્વારા વિદ્યાર્થીઓને ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ પર મહાત્માના જીવનને અવગત કરાવવાનો હતો. પ્રશ્નમંચનું સંચાલન મુખ્ય અધ્યાપક રાકેશ કુમાર ભગતે કર્યું હતું તથા નિર્ણાયક તરીકેની ભૂમિકા મુખ્ય અધ્યાપક મંજુ દાબીએ ભજવી હતી.

બંને વિભાગમાં દિલ્હી પબ્લિક સ્કૂલ,ગાંધીનગરની ટીમ વિજેતા જાહેર થઈ હતી. શાળાના આચાર્ય અતનુ રથે બંને વિજેતા ટીમને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## જન્મદિને વધામણી



**વૈશાલીબેન જોષી**
પૂર્વ પ્રમુખ, લાયોનેસ ક્લબ



**વિવાન**
**સંકેતભાઈ ઠાકર**
મો. ૯૪૨૬૩ ૬૭૫૯૬

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# ધો.૧૨ પછીના ૧૬ કોર્સની ૯૩,૭૮૮ બેઠક ખાલી રહી

## પ્રવેશ સમિતિ દ્વારા ૧,૫૮,૨૩૬ બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી

## ડિગ્રી-ડિપ્લોમા સહિતના ટેકનિકલ કોર્સની ૧ લાખ ૨૭ હજાર બેઠક ખાલી પડી..!

ગાંધીનગર, તા. ૧૭

ડિગ્રી એન્જિનિયરિંગ સહિતના ૧૬થી વધારે કોર્સ માટે પ્રવેશની કાર્યવાહી કરતી એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ (એસીપીસી) દ્વારા હાલમાં પ્રવેશની પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે. આ કાર્યવાહી પૂર્ણ થયા બાદ ખાલી બેઠકો ભરવાની સત્તા કોલેજોને સુપરત કરવામાં આવતી હોય છે. આ સમયમર્યાદા પણ હાલ પૂર્ણ થતાં હવે પ્રવેશ સમિતિએ તમામ પૈકી ૧૬ કોર્સમાં કુલ બેઠકો અને ખાલી પડેલી બેઠકો સહિતની વિગતોની સત્તાવાર જાહેરાત કરી દીધી છે. જે ૧૬ કોર્સની વિગતો જાહેર કરાવામાં આવી છે તેમાં ૯૩૭૮૮ બેઠકો ખાલી પડી છે. જે તે કોલેજોને બેઠકો ભરવાની સત્તા આપ્યા બાદ અંદાજે ૨૦ હજારથી વધારે બેઠકો સંચાલકોએ જાતે ભરી હોવા છતાં આટલી મોટી સંખ્યામાં બેઠકો ખાલી પડી છે. ડિગ્રી-ડિપ્લોમા ફાર્મસી કોલેજોમાં ખાલી પડેલી બેઠકોની પ્રક્રિયા હાલ ચાલુ હોવાથી તેની વિગતો જાહેર કરવામાં આવી નથી.

પ્રવેશ સમિતિ દ્વારા વર્ષ ૨૦૧૯માં કુલ ૧૬ કોર્સની ૧૫૮૨૩૬ બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. પ્રવેશ પ્રક્રિયાના નિયમો પ્રમાણે ત્રણ રાઉન્ડ પૂરા કર્યા પછી ખાલી પડેલી બેઠકો માટે ઓફલાઈન રાઉન્ડ પણ કર્યા હતા. આટલી પ્રક્રિયા પછી જે બેઠકો ખાલી પડી તે ભરવાની સત્તા કોલેજોને સોંપી દેવામાં આવી હતી. સંચાલકોએ પોતાની રીતે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પ્રક્રિયા પૂર્ણ કર્યા પછી ૯૩૭૮૮ બેઠકો ખાલી પડી છે. મહત્ત્વની વાત એ છે કે, ૧૬ પૈકી એકપણ કોર્સમાં સરકારી બેઠકો ખાલી પડી નથી. અંતરિયાળ વિસ્તારમાં આવેલી સરકારી કોલેજોની પણ તમામ બેઠકો ફૂલ થઈ ચૂકી છે. જેની સામે શહેરી વિસ્તારોમાં આવેલી સ્વનિર્ભર કોલેજોની મેનેજમેન્ટ કવોટા સહિતની બેઠકો ખાલી પડી છે. હાલમાં જે બેઠકો ખાલી પડી છે તેના માટે હવે કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહી. મહત્ત્વની વાત એ કે ગતવર્ષની ખાલી બેઠકો કરતાં આ વખતે ખાલી બેઠકોનો આંકડો વધ્યો છે.

પ્રવેશ સમિતિ દ્વારા ધો.૧૨ પછીના તમામ ટેકનિકલ કોર્સની પ્રવેશની વિગતો જાહેર કરવામાં આવી છે. ધો.૧૦ પછી ડિપ્લોમા ઈજનેરીના પ્રવેશની બેઠકોની વિગતો અલગથી જાહેર કરવામાં આવે છે. આ બેઠકોની પણ ગણતરી કરીએ તો ડિપ્લોમા ઈજનેરીમાં કુલ ૭૪૫૧૫ બેઠકો પૈકી ચાલુ વર્ષે ૩૩૨૦૦ બેઠકો ખાલી પડી છે. ડિગ્રી પ્રવેશ સમિતિએ જાહેર કરેલી વિગતોમાં ડિપ્લોમા ઈજનેરીની વિગતોની ગણતરી કરવામાં આવે તો કુલ બેઠકોનો આંકડો ૨,૩૨,૭૫૨ થાય છે. જેમાંથી ૧,૨૬,૯૮૮ બેઠકો ખાલી પડી છે. હજુ ડિપ્લોમા અને ડિગ્રી ફાર્મસીની ખાલી બેઠકો માટે કાર્યવાહી ચાલુ છે. આ કોર્સમાં પણ અનેક બેઠકો ખાલી પડે તેમ છે. પ્રવેશ સમિતિએ હાલમાં જે ૧૬ કોર્સની વિગતો જાહેર કરી તેમાં સરકારી કોલેજોની ૧૫૯૬૧ બેઠકોનો સમાવેશ થાય છે. સરકારી કોલેજોની હાલ એકપણ બેઠકો ખાલી પડી નથી તે મહત્ત્વની બાબત છે. જયારે સ્વનિર્ભર કોલેજોની કુલ બેઠકો ૧,૩૬,૫૩૨ બેઠકો પૈકી અડધાથી વધુ બેઠકો ખાલી પડી છે. સ્ટેટ કવોટા અને મેનેજમેન્ટ કવોટા પ્રમાણે ગણતરી કરીએ તો સ્ટેટ કવોટામાં ૧૪૪૨૬૯ બેઠક પૈકી ૩૯૯૩૬ બેઠકો ભરાઈ હતી. આજ રીતે મેનેજમેન્ટ કવોટામાં ૧૩૬૫૩ બેઠક પૈકી માત્ર ૪૦૨૫ બેઠકો ભરાતા ૯ હજારથી વધારે બેઠકો ખાલી રહી છે.

### નેશનલ મેડિકલ કમિશનની

# ઍડવાઈઝરી કાઉન્સિલમાં ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હિમાંશુ પંડ્યાની પસંદગી કરાઈ

ગાંધીનગર, તા. ૧૭

નેશનલ મેડિકલ કમિશન (એનએમસી)ની રચના માટે દેશના જુદા જુદા રાજયમાંથી મેડિકલ યુનિવર્સિટીના કુલપતિ અને સ્ટેટ મેડિકલ કાઉન્સિલના સભ્યોના નામ મંગાવ્યા બાદ સોમવારે દિલ્હીમાં ડ્રો પદ્ધતિ દ્વારા જુદી જુદી કમિટીના સભ્યોના નામો નક્કી કરાયા હતાં. મહત્ત્વની વાત એ છે કે મેડિકલ એડવાઈઝરી કાઉન્સિલમાં કુલ ૧૦ સભ્યોને પસંદ કરવામાં આવ્યા છે. જેમાં ગુજરાતમાંથી ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડો.હિમાંશુ પંડ્યાનું નામ જાહેર થયું છે. આગામી બે વર્ષ માટે તેઓ મેડિકલ એડવાઈઝરી કમિટીના સભ્ય તરીકે સેવાઓ આપશે.

નેશનલ મેડિકલ કમિશન (એનએમસી)ના જુદા જુદા વિભાગોની રચના માટે છેલ્લાં કેટલાય દિવસોથી કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આજે દિલ્હીમાં કેન્દ્રીય આરોગ્ય મંત્રીની ઉપસ્થિતિમાં ઉપલબ્ધ નામોમાંથી જુદી જુદી કમિટીના સભ્યોની પસંદગી માટે ડ્રો કરવામાં આવ્યો હતો. એનએમસી માટે સૌથી પહેલા દરેક રાજયની મેડિકલ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરના નામ મંગાવ્યા હતા, જેમાં કુલ ૩૬ યુનિવર્સિટીએ નામ મોકલ્યા હતા. ગુજરાતમાં મેડિકલ યુનિવર્સિટી ન હોવાથી ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરનું નામ મોકલવામાં આવ્યું હતું. આ નામોમાંથી મેડિકલ એડવાઈઝરી કાઉન્સિલ માટે કુલ ૧૦ નામ માટે ડ્રો કરાયો હતો. જેમાં તામિલનાડુ, પશ્ચિમ બંગાળ, ગુજરાત, દિલ્હી, હિમાચલ પ્રદેશ, આંધ્રપ્રદેશ, રાજસ્થાન, દમણ, પંજાબ અને હરિયાણા યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરના નામ નીકળતાં આ તમામની આગામી બે વર્ષ માટે એડવાઈઝરી કમિટીમાં નિયુક્તિ કરવામાં આવશે. આ જ રીતે સ્ટેટ મેડિકલ કાઉન્સિલમાંથી ૨૯ નામ મંગાવવામાં આવ્યા હતા. જેમાંથી પણ ૯ નામની પસંદગી કરવામાં આવી હતી. આ નામમાં ગુજરાતના સભ્યનું નામ આવ્યું નથી. જ્યારે અંડર ગ્રેજ્યુએશન મેડિકલ એજ્યુકેશન બોર્ડમાં ત્રિપુરા મેડિકલ કાઉન્સિલના ડો.જે.કે.દેવ વર્માની પસંદગી કરવામાં આવી છે.

આ જ રીતે પોસ્ટ ગ્રેજ્યુએશન મેડિકલ એજ્યુકેશન બોર્ડમાં જમ્મુ કશ્મીરના ડો.વિજય ગુપ્તાની પસંદગી થઈ છે. મેડિકલ અસેસમેન્ટ એન્ડ રેટિંગ બોર્ડમાં નાગાલેન્ડના ડો. સેડ્વી અગામી અને એથિક્સ એન્ડ મેડિકલ રજિસ્ટ્રેશન બોર્ડમાં મધ્યપ્રદેશ મેડિકલ કાઉન્સિલના ડો. નિશાંત વારવાડેની નિયુક્તિ કરવામાં આવી છે. જયારે સર્ચ કમિટીમાં ઉત્તરાખંડ મેડિકલ કાઉન્સિલના ડો.અજયકુમાર ખજ્ઞાની પસંદગી કરવામાં આવી છે. મેડિકલ એડવાઈઝરી કમિટીમાં જેમની પસંદગી કરવામાં આવી છે તેઓ બે વર્ષ સુધી રહેશે ત્યારબાદ રોટેશનમાં અન્ય સભ્યોની નિયુક્તિ કરવામાં આવશે.

# ચૌધરી નર્સિંગ સંસ્થા ખાતે મૅન્ટલ હૅલ્થ ડે ઉજવાયો

ગાંધીનગર, તા. ૧

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલીત ચૌધરી ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગ ખાતે Wrold Mental Health day નિમિત્તે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ અંતર્ગત બેઝીક બી. એસ. સી. નર્સિંગ અને જી. એન. એમ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે Mental Health Promotion અને Suicide Prevention થીમ પર જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કૉલેજ દ્વારા પોસ્ટર મેકિંગ સ્પર્ધા અને નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ માહિતીસભર ચાર્ટ્સ બનાવ્યા હતા. આ કાર્યક્રમના સફળ આયોજન માટે પ્રિન્સીપાલ મયુક જૈન અને કૉલેજના સ્ટાફગણનો સક્રિય ફાળો રહ્યો હતો.

### નૅશનલ લેવલ સ્પર્ધા માટે

# ગુજરાત સ્ટેટ ઈન્ટર સ્કૂલ ચેસ ચૅમ્પિયનશીપ ૧૯મીએ અમદાવાદમાં યોજવામાં આવશે

## પ્રત્યેક કૅટેગરીમાંથી બે શ્રેષ્ઠ ખેલાડીઓને ઔરંગાબાદ ખાતે રમાનાર નૅશનલ ટુર્નામૅન્ટમાં ભાગ લેવાની તક પ્રાપ્ત થશે

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત સ્ટેટ અન્ડર-૮ અને અન્ડર-૧૨ ઈન્ટર સ્કૂલ ચેસ ચેમ્પીયનશીપ ફોર નેશનલ-૨૦૧૯નું આયોજન ચેસ ન્યૂ અમદાવાદ ડિસ્ટ્રીક્ટ એસોસીએશન દ્વારા ગુજરાત સ્ટેટ ચેસ એસોસિએશનના નેજા હેઠળ તા.૧૯ અને ૨૦મી ઑક્ટોબરના રોજ રાઈફલ કલબ, ખાનપુર, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું છે. ટુર્નામેન્ટનો પ્રથમ રાઉન્ડ તા.૧૯-૧૦-૨૦૧૯ના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યે શરૂ થશે. અંદાજે કુલ ૧૮૦ જેટલા ખેલાડીઓ ગુજરાતમાંથી વિવિધ જિલ્લાઓમાંથી આ ટુર્નામેન્ટમાં ભાગ લેવા આવશે. પ્રથમ પાંચ વિજેતા ખેલાડીઓ (પ્રત્યેક કેટેગરીમાંથી)ને ટ્રોફી દ્વારા નવાજવામાં આવશે.

પ્રથમ બે શ્રેષ્ઠ ખેલાડીઓ (પ્રત્યેક કેટેગરીમાંથી) ઔરંગાબાદ, મહારાષ્ટ્ર ખાતે રમાનાર નેશનલ ટુર્નામેન્ટમાં ગુજરાત રાજયનું પ્રતિનિધિત્વ કરશે. વધુ માહિતી માટે વેબસાઈટ www.gsca.in વિઝીટ કરવા અથવા ભાવેશ પટેલ (૯૪૨૬૦ ૬૪૭૦૨)નો સંપર્ક સાધવા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# બાપુ ગુજરાત નૉલેજ વિલેજમાં ગરબા નાઈટ





ગાંધીનગર, તા. ૧૭

બાપુ ગુજરાત નોલેજ વિલેજ અભ્યાસકીય પ્રવૃત્તિઓ ઉપરાંત સાંસ્કૃતિક, રમત-ગમત અને પરંપરાગત તહેવારો ખુબ જ ધામધૂમ થી ઉજવે છે. આ અંતર્ગત તાજેતરમાં કેમ્પસના વિશાળ મેદાનમાં ગુજરાતના ખુબ જ ખ્યાતનામ ગાયિકા એવા કાજલ મહેરિયા સાથે કેમ્પસની ઈજનેરી, ફાર્મસી,નર્સિંગ અને સાયન્સ એન્ડ કોમર્સ કોલેજના બધા જ વિદ્યાર્થીઓ અને સ્ટાફ મિત્રોએ સાથે મળીને ગરબા નાઈટની ઊજવણી કરી હતી.

કાજલ મહેરિયાના સુરીલા સ્વરોમાં કેમ્પસના વિદ્યાર્થીઓએ પ્રાચીન-અર્વાચીન વસ્ત્ર ધારણ કરી સંગીતના તાલે ગરબાના માધ્યમથી આદ્યશક્તિની આરાધના કરી હતી.

ગરબાની શરૂઆતમાં સંસ્થાના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, ભરતસિંહ વાઘેલા, વિજયસિંહ વાઘેલા, નીલરાજસિંહ વાઘેલા, ડાયરેક્ટર રવિકુમાર વગેરે મહાનુભાવોએ હાજર રહી મા અંબાની આરતી કરી હતી.

આ પ્રસંગે દરેક સંસ્થાના આચાર્યએ હાજર રહી વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારમાં સેવાકાર્યો







ગાંધીનગર, તા. ૧૭

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારનાં ૯ ગામોનાં ૧૨૬ જેટલાં લાભાર્થીઓને નાસ્તો, એલઈડી બલ્બ અને ૩ કિગ્રા ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ભેટાલી આશ્રમ શાળાના વિદ્યાર્થીઓને નોટબૂક, સ્કૂલ બેગ, પૅન અને નવાં કપડાં ભેટ આપવામાં આવ્યાં હતાં. વિદ્યાર્થીઓને રાધે સ્વીટ્સના ઉપક્રમે પનીર જલેબી અને દીપક શાહ (ઋતવ કંપની)ના ઉપક્રમે ૭૫ વૉટના એલઈડી બલ્બની ભેટ ધરવામાં આવી હતી. ઉપરાંત બજરંગ કિરાણા સ્ટોરના ઉપક્રમે નાસ્તાના પૅકેટ્સનું વિતરણ પણ સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું.

સંસ્થા તરફથી મિલિન્દભાઈ અને મોઢભાઈ આ સેવાકાર્યોમાં ઉપસ્થિત રહ્યા હતા.